પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૮૫ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯, સોમવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજથી ટ્રાફિકના નવા નિયમોનું કડક પાલન

**કડક અમલ માટે પોલીસ તૈયાર : અગાઉ રૂપાણી સરકારે દંડની રકમમાં ૫૦ ટકાનો ઘટાડો કરી પ્રજાને મહદ્અંશે રાહત આપી હતી, પ્રજાની સાથે સાથે રાજ્ય પોલીસવડાનો પોલીસને પણ નવા ટ્રાફિક નિયમોનું પાલન કરવા આદેશ**



ગાંધીનગર,તા.૧૫

કેન્દ્ર સરકારે તાજેતરમાં જ મોટર-વ્હિકલ એક્ટરમાં સુધારો કરી અને નવા નિયમો બહાર પાડ્યા છે. ત્યારે આજથી ગુજરાતમાં આ નિયમનો કડકપણે અમલ કરવામાં આવશે. રાજ્યભરની તમામ પોલીસ આજથી આ કાયદાનો કડક અમલ કરાવશે.

આ નવા કાયદામાં વધારે દંડથી બચવા માટે જનતા અત્યારથી દોડધામ કરી રહી છે. કેટલાક લોકો ઁઝની લાઈનોમાં જોવા મળે છે, તો કેટલાક લોકો ઈઁમાં લાઈસન્સની કે, ઊઁજીઈ નંબર પ્લેટની લાઈનમાં ઉભેલા જોવા મળે છે.

રાજ્ય સરકારે પીયુસીમાં રાહત આપીને ૧ ઑક્ટોબરથી ફરજિયાતનો આદેશ આપ્યો છે અને એચએસઆરપી નંબર પ્લેટ માટે પણ રૂપાણી સરકારે ૧૭ ઑક્ટોબર સુધી પ્રજાને રાહત આપી છે. ત્યારે હવે જોવું રહ્યું કે આજથી ગુજરાતમાં કડક ટ્રાફિક નિયમોનું પાલન કરવું જ પડશે નહિ તો આકરા દંડ ભરવાની તૈયારી રાખવી પડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક પ્રેસ કૉન્ફરન્સ કરી જણાવ્યું હતું કે ગુજરાત સરકારે આ મામલે નવા કાયદાની ૫૦ કલમમોમાં ફેરફાર કરી અને દંડની રકમમાં ઘટાડો કર્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં મોટર-વ્હિકલ એક્ટના નવા નિયમોનો અમલ ૧૬મી સપ્ટેમ્બરથી થશે.

મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે આ દંડની રકમ વસૂલવા માટે જ્યારે પોલીસ કે ઈઁ જરૂરી દસ્તાવેજો માંગે ત્યારે પુરા પાડવાના રહેશે. આ દસ્તાવેજો કેન્દ્ર સરકાર દ્વારા માન્ય ડિજિટલ લોકર કે એમ.પરિવહન એપના કોઈ પણ માધ્યમથી રજૂ કરી શકાશે. જેમની પાસે આ દસ્તાવેજો ડિજિટલી સાથે હશે તેને પોલીસ કે આર.ટી. ઓ દંડ નહીં કરી શકે.

રૂપાણીએ વધુમાં જણાવ્યું કે સરકારને દંડમાં રસ નથી પરંતુ સામાન્ય માણસને કાયદાનું પાલન

● અનુસંધાન પાન-૭ પર

### કયા-કયા નિયમો માટે સાવધાની રાખવી

- લાયસન્સ, વીમો, PUC, R.C. બુક ન હોય તો પ્રથમ વખત રૂ.૫૦૦ દંડ
- લાયસન્સ, વીમો, PUC, R.C. બુક ન હોય તો બીજી વખત રૂ.૧૦૦૦ દંડ
- અડચણરૂપ પાર્કિંગ પ્રથમ વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૦૦૦ દંડ
- કાચ પર ડાર્ક ફિલ્મમાં પ્રથમ વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૦૦૦
- ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા પ્રથમ વખત રૂ.૫૦૦, બીજી વખત રૂ.૧૦૦૦
- હેલ્મેટ ન પહેર્યુ હોય તો રૂ.૫૦૦ દંડ
- સીટ બેલ્ટ ન બાંધ્યો હોય તો રૂ. ૫૦૦નો દંડ
- બાઈક પર ૩ સવારી રૂ.૧૦૦ દંડ
- ભયાનક રીતે વાહન ચલાવવું થ્રી વ્હીલર રૂ.૧૫૦૦, ન્સ્ફ રૂ.૩૦૦૦ દંડ
- ઓવરસ્પીડમાં ટુ, થ્રી વ્હીલર અને ટ્રેક્ટરને રૂ.૧૫૦૦ દંડ
- ઓવરસ્પીડમાં લાઈટ મોટર વ્હીકલને રૂ. ૨૦૦૦, અન્યને રૂ.૪૦૦૦નો દંડ
- લાયસન્સ વગર ટુ અને થ્રી વ્હીલરને રૂ.૨૦૦૦, ફોર વ્હીલરને રૂ.૩૦૦૦ દંડ
- રજિસ્ટ્રેશન વગરના વાહનને ટુ વ્હીલરમાં રૂ.૧૦૦૦, થ્રી વ્હીલર ૨૦૦૦
- રજિસ્ટ્રેશન વગરના વાહનને ફોર વ્હીલરને ૩૦૦૦, અન્યને રૂ.૪૦૦૦ દંડ
- ટુ વ્હીલરમાં પાછળ બેસનાર માટે હેલ્મેટ ફરજિયાત નહીં
- ડિજિટલ ડાયરીમાં ડોક્યુમેન્ટ પુરાવા તરીકે માન્ય રહેશે

# ગાંધીનગર પધારતા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી

**આજે રાત્રે ૧૧ વાગ્યે મોદીનું અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે : આવતીકાલે નર્મદાના નીર વધાવશે :આવતીકાલે પોતાના જન્મદિને મોદી માતાના આશિર્વાદ લેશે : ત્યારબાદ નર્મદા મૈયાના શ્રીફળ-ચૂંદડી અર્પણ કરી વધામણાં કરશે : અંતમાં જનસભા સંબોધશે**

ગાંધીનગર,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના જન્મ દિવસ ગુજરાતમાં મનાવવાના છે. નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં બે દિવસીય (૧૬ અને ૧૭ સપ્ટેમ્બર) ગુજરાત પ્રવાસમાં આવી રહ્યાં છે. આ સાથે તેઓ જન્મ દિવસે સરદાર સરોવર ડેમની ઐતિહાસિક સપાટીનો ઉત્સવ 'નમામી દેવી નર્મદે'ની ઉજવણી કરીને નર્મદાનાં નીરનાં વધામણાં કરશે.

પીએમ મોદીનાં ગુજરાત પ્રવાસ મામલે મળતી માહિતી પ્રમાણે નરેન્દ્ર મોદી બે દિવસ ગુજરાત પ્રવાસમાં ૧૬ સપ્ટેમ્બરનાં રોજ રાતે ૧૦ વાગ્યા પછી અમદાવાદ એરપોર્ટ પર આગમન થશે. જ્યાં સીએમ વિજય રૂપાણી અને રાજ્યપાલ સહિત મંત્રીમંડળ દ્વારા તેમનું સ્વાગત કરાશે. ત્યારબાદ તેઓ ગાંધીનગરમાં આવેલ રાજભવનમાં રાત્રિરોકાણ કરશે.

બીજા દિવસે એટલે પોતાના જન્મદિવસે ૧૭ સપ્ટેમ્બરે માતા હીરાબાનાં વહેલી સવારે આશીર્વાદ લેવા જશે. ત્યારબાદ સવારે ૭.૪૫ કેવડિયા હેલિપેડ પર આગમન થયા બાદ ૮ વાગ્યે કેવડિયા પહોંચશે અને પીએમ મોદી સરદાર સરોવર ડેમ પહોંચીને નર્મદા મૈયાનાં વધામણાં કરશે. સવારે ૯.૩૦થી વિવિધ વિકાસના પ્રોજેક્ટનું નિરીક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ ૯.૩૦થી ૧૦ વાગ્યા સુધીમાં વિવિધ કાર્યક્રમો શરૂ થશે. ૧૧થી ૧૨ વાગ્યા સુધીમાં પબ્લિક મીટિંગ રાખવામાં આવી છે. બપોરે ૨ વાગ્યે ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

# ગઢચિરોલીમાં બે નક્સલીઓ ઠાર

મુંબઈ,તા.૧૫

મહારાષ્ટ્રના નક્સલ પ્રભાવિત ગઢચિરોલીમાં નક્સલવાદી અને પોલીસ વચ્ચે અથડામણ ચાલી રહી છે. જેમાં બે નક્સલીનો ખાત્મો બોલાવાયો છે. પોલીસે જણાવ્યુ કે જિલ્લાના કોરચી જિલ્લામાં નારેકસા જંગલમાં અથડામણ ચાલી રહી છે. અત્યારે પોલીસ સર્ચ ઑપરેશન કરી રહી છે. બે નક્સલીઓના મૃતદેહ જપ્ત કરવામાં આવ્યા છે જ્યારે ૬ નક્સલી ઈજાગ્રસ્ત છે.

## ન્યુઝ ટ્રેક

**ખાદ્ય મંત્રાલયમાં પ્લાસ્ટિક પ્રતિબંધ**

કેન્દ્રિય ખાદ્યમંત્રી રામવિલાસ પાસવાને કહ્યું છે કે ૧૫ સપ્ટેમ્બરથી ખાદ્ય મંત્રાલય અને તેના હેઠળના તમામ વિભાગોમાં સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

**બે હજારથી વધુ વખત પાકે સીઝ ફાયર કર્યુ**

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશકુમારે કહ્યુ છે કે આ વર્ષે પાકિસ્તાન તરફથી ૨૦૫૦ વખત સીઝ ફાયરનુ ઉલ્લંઘન થયુ છે. પાકિસ્તાન તરફથી થયેલા હુમલાઓમાં ૨૧થી વધુના મૃત્યુ નિપજ્યા છે.

**પંકજ અડવાણી વિશ્વ બિલિયર્ડસ ચેમ્પિયન**

ભારતના જાણીતા ખેલાડી પંકજ અડવાણી ફરી વિશ્વ બિલિયર્ડસ ચેમ્પિયનશીપ જીત્યા છે. તેઓ ૨૨મી વખત વિશ્વ ચેમ્પિયન બન્યા છે. પાછલા છ વર્ષોમાં તેમનું આ પાંચમુ ટાઈટલ છે.

**ભાષાના નામે નવુ યુદ્ધક્ષેત્ર બની શકે : કેરળ સીએમ**

કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહના હિન્દી ભાષાવાળા નિવેદન પર નિશાન સાધ્યુ હતુ. તેઓએ કહ્યુ હતુ કે આ ભાષાના નામે નવુ યુદ્ધક્ષેત્ર છે. માત્ર હિન્દી જ દેશને જોડી શકે છે તે ખોટી ધારણા છે.

**યમુનામાં સાત ડુબ્યા**

ઉત્તરપ્રદેશના શામલીમાં કૈરાના વિસ્તારમાં સાત યુવકો યમુનામાં ડુબી ગયા હતા. તરવૈયાઓએ તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. ડુબી જનારા યુવકોની તલાશ જારી છે.

**જાપાનમાં ૧૦૦ વર્ષથી વધુ વર્ષના લોકોની સંખ્યા ૭૦ હજારને પાર**


જાપાનમાં ૧૦૦ વર્ષ કે તેનાથી વધારે વર્ષના લોકોની સંખ્યા પ્રથમવાર ૭૦,૦૦૦ ને પાર પહોંચી ગઈ છે. જાપાનમાં વડીલોની સંખ્યામાં સતત ૪૯મા વર્ષે વધારો થયો છે.

# ચંદ્રયાન-૨ ઓર્બીટર ચંદ્રના હિસ્સાના ફોટાઓ મોકલશે

**લેન્ડરનો સંપર્ક કરવાના હજુ પણ તમામ પ્રયાસો : ચંદ્રના જે હિસ્સામાં સૂર્યની રોશની પહોંચતી નથી ત્યાંના રાજને ખોલવા માટે ઓર્બીટર સંપૂર્ણ સુસજ્જ છે : ઇસરો**

નવી દિલ્હી, તા. ૧૫

ચંદ્ર પર સ્થિત વિક્રમ લેન્ડર



સાથે હજુ સુધી કોઈ સંપર્ક થઈ શક્યો નથી પરંતુ ભારતના ચંદ્રયાન-૨ના ઓર્બીટર દ્વારા પોતાના મિશનને આગળ વધારવામાં આવી રહ્યું છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, ભારતના બીજા મૂન મિશન માટેના આ ઓર્બીટર ચંદ્રને લઈને અનેક મહત્વની બાબતો રજૂ કરવાની તૈયારીમાં છે. ઓર્બીટર હવે ચંદ્ર હંમેશા અંધારામાં રહેવાને લઈને એટલે કે એ ક્ષેત્રના ફોટાઓ પણ મોકલશે જ્યાં ચંદ્રની આસપાસ સૂર્યની રોશની પહોંચી શકતી નથી. આ બાબત સમગ્ર દુનિયા માટે નવી માહિતી તરીકે રહેશે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, એક દશક પહેલા મોકલવામાં આવેલા ભારતના પ્રથમ ચંદ્રયાનથી તેના દેખાવની સ્થિતિ સુધરી રહી છે. ચંદ્રના જે હિસ્સામાં સૂર્યની રોશની પહોંચતી નથી ત્યાં ઓર્બીટર રાજ ખોલી શકે છે. ચંદ્ર પર રહેલા વિક્રમ લેન્ડર સાથે સંપર્ક કરવા માટે હવે એક સપ્તાહનો સમય રહી ગયો છે. ઓર્બીટરનો દેખાવ શાનદાર રહ્યો છે. નાસાનું સ્પેશક્રાફ્ટ મંગળવારના દિવસે લેન્ડરના ઉપરથી પસાર થનાર છે. આવી સ્થિતિમાં મહત્વની માહિતી મળી શકે છે. ઈસરોના પૂર્વ ચેરમેન એએસ કિરણકુમારનું કહેવું છે કે, અમે ચંદ્રયાન-૧ની સરખામણીમાં વધુ સારા પરિણામની અપેક્ષા રાખી રહ્યા છે. કારણ કે, અમે માઈક્રોવેવ ડ્યુઅલ ફ્રિકવન્સી સેન્સરની મદદથી ચંદ્રની આસપાસ હંમેશા અંધારપટની સ્થિતિ કેમ રહે છે તેને લઈને મેપિંગ કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે, ઓર્બીટરમાં મોટા સ્પેક્ટ્રલ રેંજના ખુબ દમદાર કેમેરા લાગેલા છે.

# આઈસીઆઈસીઆઈ બેંકે ડિપોઝિટ-વિડ્રોઅલ પર ૧૦૦થી ૧૨૫ રૂપિયાનો ચાર્જ લાગૂ કર્યો

**આઈસીઆઈસીઆઈ બેંકે ગ્રાહકોને મોટો ફટકો આપ્યો : બેંકના ઝીરો બેલેન્સ ખાતા ધારકોને ૧૬મી ઓક્ટોબરથી શાખામાંથી દરેક રોકડ ઉપાડ માટે ચાર્જ ચુકવવાનો રહેશે : મશીનથી ડિપોઝિટ માટે ચાર્જ હશે**




નવી દિલ્હી, તા. ૧૫

દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંકો પૈકીની એક એવી આઈસીઆઈસીઆઈ બેંકે પોતાના ગ્રાહકોને આજે મોટો ફટકો આપી દીધો છે. બેંકે ઝીરો બેલેન્સ ખાતા ધારકોને ૧૬મી ઓક્ટોબરથી શાખાથી દરેક કેશ વિડ્રોઅલ માટે ૧૦૦ રૂપિયાથી લઈને ૧૨૫ રૂપિયાનો ચાર્જ લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. જો ગ્રાહકો બેંકની શાખામાં મશીન મારફતે જ પૈસા જમા કરે છે તો તેના માટે પણ તેમને ફી ચુકવવાની રહેશે. બેંકની શાખામાં તેના કરન્સી રિસાયકલર્સ મારફતે નાણાં ડિપોઝિટ

● અનુસંધાન પાન-૭ પર

## ભારત સાથે યુદ્ધમાં પાકિસ્તાન જીતી શકે નહીં : ઈમરાન ખાન

**પરમાણુ યુદ્ધની ફરીવાર ખુલ્લી ધમકી આપી : પાકિસ્તાન કલમ ૩૭૦ને દૂર કરાયા બાદ પરેશાન**

ઈસ્લામાબાદ, તા. ૧૫

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન ભારે લાલઘૂમ થયેલું છે. તેના દ્વારા વારંવાર યુદ્ધની ધમકીઓ આપવામાં આવી રહી હોવા છતાં ભારત દ્વારા તેના તરફ ધ્યાન આપવામાં આવી રહ્યું નથી. હવે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને પોતે કબૂલાત કરી છે કે, તે ભારત સાથે કોઈ કિંમતે યુદ્ધ જીતી શકવાની સ્થિતિમાં નથી. પરમાણુ યુદ્ધની વાત કરતા ઈમરાન ખાને કહ્યું છે કે, પાકિસ્તાન પારમ્પરિક યુદ્ધ ભારત સામે હારી શકે છે પરંતુ આવી સ્થિતિમાં પરિણામ ગંભીર રહેશે. ઈમરાને પરમાણુ યુદ્ધની ધમકી ફરી એકવાર આપી દીધી છે. એક ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં ઈમરાન ખાને પરમાણુ ખતરાના સવાલ પર કહ્યું હતું કે, આમા કોઈપણ ભ્રમની સ્થિતિ નથી. પાકિસ્તાન ક્યારે પણ પરમાણુ યુદ્ધની શરૂઆત કરશે નહીં. તેઓ શાંતિમાં માને છે. જંગની વિરુદ્ધમાં છે. કોઈપણ સંઘર્ષથી સમસ્યાઓના ઉકેલ આવશે નહીં. યુદ્ધના અનઅપેક્ષિત પરિણામો જોવા મળે છે. વિયેતનામ, ઈરાન અને ઈરાકની યુદ્ધની સ્થિતિ અમે જોઈ ચુક્યા છે. અહીં રક્તપાતના કારણે કોઈ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. થોડાક દિવસ પહેલા જ પાકિસ્તાનના રેલવે મંત્રી શેખ રશીદ અહેમદે કહ્યું હતું કે, ભારત આ બાબત ધ્યાનમાં લે કે, પાકિસ્તાનની પાસે જંગી એટમબોંબ રહેલા છે જે કોઈપણ ખાસ વિસ્તારને ટાર્ગેટ બનાવી શકે છે.

# ઉત્તર ભારતમાં રોજગારી છે કુશળ યુવાનોની અછત છે : સંતોષ ગંગવાર

**ઉત્તર ભારતમાં ભરતી માટે આવનારી કંપની ક્વોલિટી વ્યક્તિઓની શોધ કરી ન શકી : કેન્દ્રીયપ્રધાન**

નવીદિલ્હી, તા. ૧૫

કેન્દ્ર સરકારે દાવો કર્યો છે કે, દેશમાં રોજગારની તકોની




કોઈપણ કમી દેખાઈ રહી નથી. જો કે, પોસ્ટની રીતે પુરતા પ્રમાણમાં કુશળ ઉમેદવારો મળી રહ્યા નથી. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી સંતોષ ગંગવારની આ જાહેરાતથી ભારે હોબાળો મચી ગયો છે. ગંગવારનું કહેવું છે કે, ઉત્તર ભારતમાં સારા શિક્ષણ મેળવી ચુકેલા યુવાઓની કમી દેખાઈ રહી છે. દેશમાં રોજગારની કોઈપણ કમી દેખાઈ રહી નથી. અમારા ઉત્તર ભારતમાં જે રિક્રુટમેન્ટ કરવામાં આવે છે તે આ બાબતના પ્રશ્ન કરે છે કે, જે પોસ્ટ માટે અમે ઉમેદવાર શોધી રહ્યા છે તેવા ઉમેદવાર મળી રહ્યા નથી. ક્વોલિટીની વ્યક્તિઓ મળી રહી નથી. ગંગવારે પોતાના સંસદીય ક્ષેત્ર બરેલીમાં મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, અખબારોના અહેવાલ ખોટીરીતે રજૂ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું છે કે, અખબારોમાં જે પ્રકારના દાવા થઈ રહ્યા છે તે યોગ્ય નથી. સ્વતંત્ર પ્રભારના રાજ્યમંત્રીએ કહ્યું છે કે, હાલના અખબારોમાં રોજગારની વાત કરવામાં આવી રહી છે. તેઓ આ મંત્રાલયની જ જવાબદારી સંભાળી રહ્યા છે અને દરરોજ તેના ઉપર નજર પણ રાખી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225